**<u>અમદાવાદ(રૂરલ) ના પાંચમા માં વધારાના જયુડી. મેજી.ફ.ક. ની કોર્ટમાં,</u>**
**<u>મુ. મીરઝાપુર, અમદાવાદ.</u>**

CCNO 2413-19
આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિ.

આરોપી: રમેશભાઈ શકરાભાઈ સોઢા

**<u>ગુનો:-ભારતીય દંડ સંહીતા: ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબ.</u>**

**<u>ચૂ કા દો</u>**

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,ચાર્જશીટમાં જણવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળુ વાહ જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરુપ રાખી ગુનો કરેલ હોય, આરોપી વિરુધ્દ ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ નીકલમ ૨૮૩ મુજબના શિક્ષાપચત્ર ગુનાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુનાવાળી જગ્યા નું પંચનામુ કરી આરોપીને અટક કરી અને તપાસ પુર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૨ (સંહીતા) ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આરોપીને ગુન્હો કબુલ હોવાનુ જણાવી અલગથી ગુના કબુલાત પુરસીસ આંક... થી આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુકત કરવા અરજ છે. સદર ગુના સંબંધેની આરોપીની પ્લી આંક:.... થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આોપીએ ગુના કબુલ હોાવનું જણાવેલ છે.

૩.. આ કેસની હકીકતોને લક્ષમાં લેતાં તેમજ આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરે પરીબળો ઘ્યાને લેતાં આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો

ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

સદર કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૮૩ ની કલમ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ ૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠારાવી આરોપીને રુા. ૧૦૦/– (રુપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવાાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ માહે જુલાઈ સને ૨૦૧૯નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ: ૧૩–૦૭–૨૦૧૯

અમદાવાદ(ગ્રામ્ય)

( ડી.વાય. પટેલ)
પાંચમાં વધારાના જ્યુડી મેજી.ફ.ક.
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)
UIC No.GJ –૦૧૫૧૫